# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


SGCCI

રેફ નં. તા: ૨૨/૧૨/૨૦૨૩

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ચેમ્બરના લેડીઝ વીંગ દ્વારા 'હોમમેડ ચોકલેટ બુકે' વિશે વર્કશોપ યોજાયો

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના લેડીઝ વીંગ દ્વારા ગુરૂવાર, તા. ૨૧ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ બપોરે ૩: ૩૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીંગ, નાનપુરા, સુરત ખાતે 'હોમમેડ ચોકલેટ બુકે' વિશે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બ્લિસક્રાફ્ટ (બ્લિસફુલ હોમ બિઝનેસ)ના સંસ્થાપક સોનલ શાહ અને મૈત્રી શાહે મહિલા સાહસિકોને ઘરે બનાવેલી ચોકલેટ અને રેડીમેડ ચોકલેટથી બુકે કેવી રીતે બનાવી શકાય? તે અંગેની જાણકારી આપી હતી.

વર્કશોપમાં સોનલ શાહ અને મૈત્રી શાહે હોમમેડ ચોકલેટ બુકે બનાવવાનો ડેમો આપ્યો હતો. બુકે પેપર્સ, બારબેક્યુ સ્ટીક, ચોકલેટ, ક્રાફ્ટ અને આર્ટિફિશિયલ ગ્રાસ અને આર્ટિફિશિયલ ફ્લાવર, કાપડની નેટની મદદથી ચોકલેટ બુકે બનાવવામાં આવ્યા હતા.

ચેમ્બરના લેડીઝ વીંગના ચેરપર્સન મનિષા બોડાવાલાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. લેડીઝ વીંગના વાઈસ ચેરપર્સન ગીતા વઘાસિયાએ આભારવિધી કરી હતી. તેમજ સભ્ય રોનક ધ્રુવે વર્કશોપના અતિથીઓનો પરિચય આપ્યો હતો. આ વર્કશોપનું સંચાલન લેડીઝ વીંગના સેક્રેટરી પ્લવનમી દવેએ કર્યું હતું.